**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૬૯ ટકા



શહેરમાં ફરી એકવાર રખડતાં ઢોરની સમસ્યાએ માથુ ઉંચકયુ છે. જેના કારણે શહેરના રસ્તાઓ પર વાહનચાલકો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. આ સ્થિતિમાં મહાનગરપાલિકા તંત્ર દ્વારા રખડતાં ઢોરને પકડી ડબ્બે પુરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં રાહદારીઓ માટે પણ જોખમી બની શકે તેવા એક આખલાને ઝબ્બે કરવા કવાયત કરતા કર્મચારીઓ તસવીરમાં નજરે ચઢે છે.

# 'ખ' માર્ગ પર અજાણ્યા વાહનની ટક્કરે માનસિક અસ્થિર વ્યકિતનું મૃત્યુ

## કાર ચાલક ટક્કર મારી નાસી છુટ્યો, સૌંદર્ય-૪૪૪ ની સામે બનાવ બન્યો

ગાંધીનગર, તા.૨૫

શહેરના ખ-૧ થી ખ-૦ તરફ જવાના માર્ગ પર સૌંદર્ય-૪૪૪ ની સામે ગતરાત્રીના સમયે અજાણ્યા વાહનની ટક્કરે માનસિક અસ્થિર વ્યકિતનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયુ હતું. અકસ્માત સર્જીને કાર ચાલક નાસી છુટ્યો હતો. ત્યારે બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં વાહનચાલકો બેફામ ગતિએ વાહનો હંકારે છે. ગતિ નિયમનના ધજીયા ઉડાડતા વાહન ચાલકો પર તંત્રએ લગામ કસવાની જરુરીયાત ઉભી થઈ છે. શહેરના માર્ગો પર પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે વાહનો હંકારતા ચાલકો ગમે ત્યારે અકસ્માત સર્જે છે. ત્યારે શહેરના ખ માર્ગ પર હીટ એન્ડ રનનો કિસ્સો સામે આવ્યો છે. ગતરોજ રાત્રીના સમયે ખ-૧ થી ખ-૦ તરફ જતા સૌંદર્ય-૪૪૪ ફલેટની સામેના માર્ગ પર અસ્થિર મગજનો વ્યકિત પસાર થઈ રહ્યો હતો તે સમયે કોઈ અજાણ્યો વાહન ચાલકે પોતાનું વાહન બેફામ ગતિએ અને ગફલતભરી રીતે હંકારી અસ્થિર મગજના વ્યકતિને ટક્કર મારી નાસી ગયો હતો. બનાવમાં અસ્થિર મગજના વ્યકિતને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયુ હતુ. અકસ્માતને પગલે અન્ય વાહનચાલકો તેમજ આસપાસ વિસ્તારમાં રહેતા નાગરીકો આવી પહોચ્યા હતા. જયારે બનાવની જાણ થતા પોલીસ પણ તાત્કાલીક અકસ્માતે સ્થળે આવી પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. જેમાં આશરે ૫૦ વર્ષના આશરાના મૃતક પુરુષની ઓળખવિધી માટે નજીકના વિસ્તારમાં પુછતાછ કરી હતી. પરંતુ મૃતક વ્યકિતની ઓળખ થઈ ન હતી. પોલીસે મૃતદેહને પીએમઅર્થે મોકલી આપી અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઉદ્યોગોમાં ૮૫ ટકા સ્થાનિક રોજગારીનો અમલ કરાવો : જાગૃત નાગરિક પરિષદ

ગાંધીનગર, તા.૨૫

કોરોના મહામારીના પગલે દેશભરમાં આર્થિક મુશ્કેલીઓ અનુભવાઈ રહી છે જેના પગલે રોજગારી પર પણ ઘેરી અસર પડવા પામી છે. આ સ્થિતિમાં ગુજરાત દેશભરમાં સૌથી વધુ રોજગારી આપનારા રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે પરંતુ ગુજરાતનાં ઉદ્યોગોમાં ફરજિયાત ૮૫ ટકા સ્થાનિક રોજગારીનો અમલ કરવો જરૂરી જણાઈ રહ્યો છે. દેશમાં કેટલાંક રાજયોએ ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી આપવાના કાયદા પસાર કરીને તેના અમલ શરૂ કર્યા છે ત્યારે ગુજરાતે આ બાબતમાં વિશેષ ધ્યાન ધ્યાન આપી રાજયના બેરોજગાર યુવાનોને સ્થાનિક ઉદ્યોગોમાં પ્રાથમિકતા મળી રહે તે સુનિશ્ચિત કરવું જરુરી છે. આ સંદર્ભમાં બે વર્ષ પહેલાં પણ ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે સરકારમાં રજૂઆત કરી હતી. તાજેતરમાં મળેલી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની વર્ચ્યુઅલ બેઠકમાં ગુજરાતનાં ઉદ્યોગોમાં ફરજિયાત ૮૫ ટકા સ્થાનિક રોજગારીનો અમલ કરવા અને તે માટે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ઉચ્ચકક્ષાની સમિતિ નિમવા માંગ કરવામાં આવી હતી. આ સમિતિમાં ઉદ્યોગ વિભાગ ઉપરાંત શ્રમ અને રોજગાર વિભાગના સચિવનો પણ સમાવેશ કરવામાં આવે તેવું સૂચન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે માંગણી કરી છે કે ૨૦૧૬થી ૨૦૨૧ દરમ્યાન ઉદ્યોગ વિભાગની આ યોજના હેઠળ સ્થપાયેલા ઉદ્યોગો દ્વારા ગુજરાતના કેટલા સ્થાનિક લોકોને રોજગારી ઉપલબ્ધ થઈ તેની વિગતો ટકાવારી સાથે જાહેર કરવામાં આવે અને તા. ૨૫-૦૭ ૨૦૧૬ના ઠરાવ મુજબ જો ઉદ્યોગોએ ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી આપી ના હોય તો તેમને મળવાપાત્ર તમામ સહાય પરત મેળવવાની રહે છે. આ અક્ષમ્ય બેદરકારી માટે સંબંધિત વિભાગના અધિકારીઓ સામે સખત કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પરિષદની બેઠકમાં માંગ ઉઠવા પામી હતી. આ સાથે સૂચન કર્યુ છે કે આ સમિતિની ત્રિમાસિક બેઠકો યોજાય અને ઉદ્યોગોમાં સ્થાનિક રોજગારીની ટકાવારી સુનિશ્ચિત કરવામાં આવે.


# શેઠ સી.એમ. શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ.હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે આજરોજ વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

શાળાના આચાર્યા ડૉ. ચેતના બૂચે એક બાળ-એક ઝાડ શાળા વનીકરણ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને જીવનમાં વૃક્ષોનું મહત્વ ઓનલાઈન સમજાવ્યું હતું. આ તમામ બાળકોને (૧) આપણી પ્રાર્થનામાં વૃક્ષોની પ્રાર્થના પણ સામેલ કરવી જોઈએ (૨) એક સારા રમતવીર બનો, સારા પ્રકૃતિપ્રેમી બનો, સારા સમાજસેવક બનો.(૩) ડૉક્ટર, એન્જીનીયર ફાર્માસીસ્ટ ભલે બનો પરંતુ સારા માનવી જરૂર બનજો. (૪) શાળામાં સુંદર દૃષ્ટાંતો આપી વૃક્ષોનું મહત્વ ઓનલાઈન સમજાવી અને સાચા લોકસેવક તરીકે જીવવાનો વિદ્યાર્થીઓને રાહ ચીંધ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન સુપરવાઈઝર મુકેશભાઈ, બીપિનભાઈ તથા કનુભાઈએ કર્યુ હતું. આ કાર્યક્રમની કામગીરીમાં શાળાના શિક્ષકો લાભુભાઈ દેસાઈ, સંજયભાઈ પટેલ, સુનિલભાઈ દવેનો ફાળો રહ્યો હતો.



શહેરમાં વરસાદના છાંટણા પડે અને સ્ટ્રીટ લાઈટો ડુલ થઈ જાય છે. સ્માર્ટ બનતા ગાંધીનગરમાં સમસ્યાઓનો રૂપરંગ બદલાતો નથી અલબત્ત આજથી ચાર દાયકા પુર્વે સમયાંતરે જે સમસ્યાઓ ઉભી થતી હતી તેમ જ આજે પણ છે. એલ ઈ ડી લાઈટના અજવાળાની વાતો વચ્ચે સેકટરોમાં ગમે ત્યારે અંધારપટ્ટ છવાઈ જાય છે. સે-૨૨ માં પણ છેલ્લા ચાર દિવસથી અંધારુ છે. સેકટરની આનંદવાટીકા સોસાયટીમાં સ્ટ્રીટ લાઈટો ડુલ છે. વરસાદી દિવસોમાં સેકટરમાં અંધારપટ્ટ છવાયેલો રહેતા સ્થાનિકોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. અંધારુ ઉલેચવા ત્વરિત લાઈટો ચાલુ થાય તે માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે.

# સે-૨૧માં જૈન સોશિયલ ગૃપની પાંચ દિવસીય યોગ શિબિર સંપન્ન



ગાંધીનગર, તા.૨૫

વિશ્વ યોગ દિન સંદર્ભે ગાંધીનગરના જૈન સોશિયલ ગૃપ દ્વારા તા.૨૧થી ૨૫મી જુન સુધી પાંચ દિવસીય તાલીમ શિબિરનું સેકટર-૨૧માં દિગંબર જૈન સમાજ ભવન ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા આયોજીત યોગ શિબિરમાં આશરે વીસથી વધુ સભ્ય દંપતી મિત્રોએ ઉપસ્થિત રહી શરીરની સુખાકારી માટે યોગ-પ્રાણાયામનો લાભ લીધો હતો. આ યોગ શિબિરમાં ગ્રુપના સભ્ય તથા યોગગુરુ ચાંદમલ કાંસ્વાજી દ્વારા સરળ અને ચોકસાઈ સાથે યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. જે તેમના દ્વારા યોગ નિદર્શન ઉપરાંત પ્રતિદિન યોગ સેશનમાં જૂની અને રમૂજી રમતોનો આનંદ કરાવવામાં આવ્યો હતો અને યોગ સાથે તંદુરસ્તી માટે ઉપયોગી એવી હાસ્ય થેરાપીનો પણ આનંદ કરાવ્યો હતો. યોગ શિબિરમાં ભાગ લેનાર તમામ સભ્યો માટે પ્રતિદિન યોગ સેશન બાદ એનર્જી ડ્રીંક-સુપ તથા છેલ્લા દિવસે ડાયટ અલ્પાહાર નવકાર શીરની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. યોગ શિબિરના સમાપને યોગગુરુ ચાંદમલજીનો સોશ્યલ જૈન ગ્રુપના પ્રમુખ કૌશીક શાહ દ્વારા શાલ ઓઢાડી બહુમાન કરવા સાથે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. જૈન સોશ્યલ ગ્રુપના સેક્રેટરી જાગૃતિ લાખાણી દ્વારા યોગગુરૂ ઉપરાંત સેક્ટર-૨૧ દિગંબર જૈન સમાજના પ્રમુખ નિતિનભાઈ શાહ તેમજ યોગ શિબિરમાં ભાગ લેનાર તમામ તમામ સભ્યોનો તેમજ યોગ શિબિરના આયોજન માટે મદદરૂપ થનાર તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે યોગ શિબિર દરમ્યાન કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર મર્યાદિત સંખ્યામાં સભ્યો સાથે સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવ્યું હતું.

# અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૨૫

અરિહંત સ્કૂલ ઓફ



ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, અડાલજ ગાંધીનગર ખાતે બી.ફાર્મસી સેમેસ્ટર ૮ અને એમ.ફાર્મસી સેમેસ્ટર ૪ના વિદ્યાર્થીઓ માટે કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન કરાયું હતું. આ પ્લેસમેન્ટમાં સીબીસીસી ગ્લોબલ રિસર્ચ કંપનીએ મેડિકલ રાઈટિંગ, કલીનીકલ ડેટા મેનેજમેન્ટ, કલીનીકલ રિસર્ચ એસોસીએશ, કવોલિટી એસ્યુરન્સ ઓડિટર ક્ષેત્રમાં કુલ ૩૦ થી પણ વધારે જગ્યાઓ ભરવા માટે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મી.નિકુંજ પટેલ (ડાયરેકટર, કલીનીકલ ડેટા મેનેજર) અને મિસ. સલોની રાવલ (એચઆર મેનેજર) કંપની તરફથી ઈન્ટરવ્યૂ પ્રોસેસ માટે હાજર રહ્યા હતા.

આ પ્લેસમેન્ટમાં કોલેજના ૨૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ૧૫ વિદ્યાર્થીઓને અલગ અલગ ક્ષેત્ર માટે ઓફર કરવામાં આવી હતી. આ કેમ્પસ પ્લેસમેન્ટ પ્રોગ્રામનું સંચાલન કોલેજના પ્રોફેસર ડો. વિનય દરજી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યકમના અંતે ડો.દિવ્યકાંત પટેલ (વાઈસ પ્રિન્સિપાલ) દ્વારા કંપનીના પ્રતિનિધિઓનું પ્રમાણ પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશી જોવા મળી હતી અને તેઓ તેમના રસ ક્ષેત્રે કામ કરવા માટે ઉત્સાહિત લગતા હતા.

## જન્મદિને વધામણી



વિવેક વિપુલભાઈ જોષી
મો. ૯૮૭૯૬ ૯૦૯૩૬



સંજય જે શાહ

# શ્રી જે.બી. પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા ઘર આંગણે વૃક્ષારોપણ



ગાંધીનગર, તા.૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ વર્તમાન પરિસ્થિતિને લઈને શાળામાં આવી શકતા નથી ત્યારે ધોરણ-૭નાં વિદ્યાર્થીઓ દ્વારા પોતાનાં ઘરનાં પ્રાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં શાળાનાં આ બાળકો દ્વારા ૧૦૦ જેટલા છોડ રોપવામાં આવ્યા હતા. વૃક્ષારોપણ કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓએ દરેક છોડનું જતન કરી મોટા વૃક્ષ થાય ત્યાં સુધી સાર સંભાળ રાખવાની જવાબદારી સ્વીકારી હતી.

વૃક્ષારોપણનાં કાર્યક્રમ દરમિયાન આચાર્યા નીવાબેન પટેલે તથા વિજ્ઞાન શિક્ષક વિક્રમભાઈ પટેલે ઓનલાઈન વૃક્ષોનું મહત્વ સમજાવી તેનું જતન કરવાની શીખ આપી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીમાં ઈલોકયુશનની સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી વર્ષ દરમિયાન અનેક પ્રકારની ઈતર પ્રવૃત્તિઓથી અભ્યાસકીય વાતાવરણમાં સતત પ્રવૃત્તિશીલ રહે છે. આ સંદર્ભમાં એન્જિનિરીંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'કોવિડ-૧૯ ની શિક્ષણ કાર્ય પર થતી અસર' વિષય પર ઓનલાઈન ઈલોકયુશન ની સ્પર્ધા યોજાઈ હતી.

ગૂગલ મીટ દ્વારા યોજાયેલા ઓનલાઈન ઈલોકયુશન સ્પર્ધામાં કુલ ૪૦




વિદ્યાર્થીઓએ ભાગ લઈ કોવિડ-૧૯ની શિક્ષણ પર થતી અસર ખુબજ અસરકારક મંતવ્યો રજુ કર્યા હતા. સ્પર્ધામા પ્રથમ અને દ્વિતિય આવેલા વિદ્યાર્થીઓને ઈનામ અને ઈ-સર્ટીફિકેટ આપવામા આવ્યા હતા જયારે સ્પર્ધામાં ભાગ લીધેલા દરેક વિદ્યાર્થીને ઈ-સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા.

આ સ્પર્ધાનું આયોજન અને સંચાલન સાયન્સ એન્ડ હ્યુમાનિટીઝ ડીપાર્ટમેન્ટ ના સમગ્ર સ્ટાફે સાથે મળીને કર્યુ હતુ. સ્પર્ધાના સફળ આયોજન બદલ કેમ્પસના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, સંસ્થાના ડાયરેક્ટર પ્રોફેસર રવિ કુમાર, કોલેજના પ્રિન્સિપાલ ડો. કિંજલ અધ્વર્યુએ સાયન્સ એન્ડ હ્યુમાનિટીઝ ડિપાર્ટમેન્ટના સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

# એસ.કે. પટેલ ઈંગ્લીશ મીડીયમ પ્રિ. પ્રાયમરી સ્કુલમાં બ્લૂ એન્ડ પીંક ડે સેલિબ્રેશન



ગાંધીનગર, તા.૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં 'બ્લૂ એન્ડ પીંક ડે' સેલિબ્રેશન કરવામાં આવ્યું. જેમાં બાળકો બ્લૂ અને કલરના કપડાં પહેરી ઓનલાઈન કલાસ માં બેઠા હતા. જેમાં નર્સરીના બાળકોને કલર કોન્સેપ્ટ સમજાવ્યો, જુનિયરના બાળકોએ જાતે બલૂન ડ્રો કરીને અને સિનિયરના બાળકોએ કપકેક ડ્રો કરીને તેમાં કોટનથી બ્લૂ અને પીંક કલર કર્યો હતો.

# શહેર લગભગ અનલોક : જનજીવન પૂર્વવત બન્યુ

## શાળા-કોલેજો સિવાય તમામ જાહેર સ્થળો ખોલી દેવાયા છે

## પર્યટન સ્થળો અને બજારોમાં લોકોની ભીડ જામવા માંડી

ગાંધીનગર, તા.૨૫

કોરોનાની બીજી લહેર પૂર્ણ થઈ ચુકી છે. કોરોનાના કેસ સાવ ઘટી જતાં મોટાભાગના જાહેર સ્થળો ખોલી દેવાયા છે. શાળા-કોલેજો સિવાયના જાહેરસ્થળો ખોલી દેવાતા જનજીવન પૂર્વવત થતું જોવા મળી રહ્યુ છે. બજારોમાં અને હરવા ફરવાના સ્થળે લોકો મુકતપણે ફરી રહ્યાં છે.

કોરોનાની બીજી લહેર ખૂબ જ ઘાતક બની હતી. દરરોજના હજારો કેસ સામે આવી રહ્યા હતા. જો કે છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાની બીજી લહેરના વળતા પાણી જોવા મળી રહ્યા છે. કેસ સાવ ઘટીગ યા છે. ગાંધીનગર શહેરમાં ગણ્યા ગાંઠયા કેસ આવતા વસાહતીઓ હવે ઘરની બહાર નીકળતા થયા છે.

તાજેતરમાં જ રાજય સરકારે કોરોના અંગેની નવી ગાઈડલાઈન બહાર પાડી છે જેમાં ઘણી છૂટછાટો આપવામાં આવી છે. સિનેમાઘરો, મ્યુઝિયમ અને બાગ બગીચાઓ ખોલી નાંખવામાં આવ્યા છે. ધાર્મિક સ્થળોને પણ જાહેર જનતા માટે ખોલી દેવાયા છે. ઘણા દિવસોથી ઘરમાં પુરાઈ રહેલા લોકો હરવા ફરવા નીકળી પડયા છે. અમદાવાદમાં કેસો ખૂબ ઘટી જતા ઘણા દિવસો સુધી મુલત્વી રાખવામાં આવેલી ખરીદી થઈ રહી છે. શોપીંગ કોમ્પ્લેક્ષ અને શોપીંગ સેન્ટરો ખુલી જતા તેમાં પણ ઘણી ભીડ જોવા મળી રહી છે. ખાણીપીણી માટેના રેસ્ટોરન્ટ અને હોટલોમાં પણ ભીડ જોવા મળી રહી છે. ઘણા દિવસો સુધી મુલ્તવી રહેલા લગ્નો અને શુભ પ્રસંગોની ઉજવણી શરૂ થતાં તેના માટેની ખરીદી કરવા પણ બજારોમાં ઘરાકી જોવા મળી રહી છે. ધીમે ધીમે જનજીવન સામાન્ય બની રહ્યું છે. હરવા ફરવાના સ્થળોએ લોકો ઉમટી રહ્યા છે. બસોમાં અને ટ્રેનોમાં ભીડ જોવા મળી રહી છે.

માત્ર સ્કૂલ-કોલેજો અને ટયુશન કલાસીસ શરૂ થયા નથી. થોડાક દિવસોમાં તે પણ શરૂ થશે તેવી વાતો વહેતી થઈ છે. જો આ જ પરિસ્થિતિ જળવાઈ રહેશે તો ઓગસ્ટ માસમાં શાળા કોલેજો ખુલી શકે છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ગઢવી રણછોડભાઈ સામંતસિંગ, ઉ.વ. ૬૫, સેકટર-૩
- સ્વ. ઠાકોર ગાંડાજી ભેમાજી, ઉ.વ. ૭૦, ઈન્દ્રોડા
- સ્વ. દંતાણી શાંતાબેન વરૂભાઈ, ઉ.વ. ૮૦, સેકટર-૧૦

● રૂદ્રભૂમિ ●

- સ્વ. ત્રિવેદી વિષ્ણુભાઈ બાબુલાલ, ઉ.વ. ૭૧, કુડાસણ
- સ્વ. ગોસ્વામી નિર્મલાબેન નટવરપુરી, ઉ.વ. ૭૧, સેકટર-૫
- સ્વ. પટેલ શાંતાબેન ત્રિભોવનદાસ, ઉ.વ. ૯૦, શાહપુર
- સ્વ. પરમાર જમુબેન દેવજીભાઈ, ઉ.વ. ૮૦, સરગાસણ



આજે જે.એમ. ચૌધરી શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાઈ ગયો. શાળાના આચાર્ય રમીલાબેન એસ.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. શાળામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિ જેવી કે એનએસએસ, એનસીસી, ઈકોક્લબના બધા શિક્ષકો હાજર રહ્યા હતા.